# ભારતીય જ્ઞાન પ્રણાલીમાં બાળસાહિત્યનું મૂલ્યાંકન.

શુક્લ વૈભવ નરેન્દ્ર ભાઈ

પ્રાધ્યાપક

તુલનાત્મક સાહિત્ય વિભાગ ( સંસ્કૃત)

**Email – vaibhavshukla251995@gmail.com**
**Mo.9586102045**

## સારાંશ

પશુ-પક્ષીઓની વાર્તાઓ દ્વારા બાળકોને જીવનમાં આવતી મુશ્કેલીઓ અને રાજનીતિનું વ્યવહારુ જ્ઞાન આપે છે.સમાજમાં કોનો વિશ્વાસ કરવો અને કોનાથી સાવધ રહેવું તે વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડે છે. માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પણ 'દુનિયાદારી' કેવી રીતે નિભાવવી તે શીખવે છે.

## પ્રસ્તાવના

બાળપણ એ જીવનનો મહત્વપૂર્ણ તબક્કો છે, જ્યાં વ્યક્તિના વિચારો, આચરણ અને મૂલ્યો રચાય છે. સાહિત્ય, ખાસ કરીને બાળસાહિત્ય, બાળકોના નૈતિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાં, હિતોપદેશ, પંચતંત્ર જેવી નૈતિક વાર્તાઓ એ જ્ઞાન, નૈતિકતા અને સહકારના સિદ્ધાંતોને  પ્રસારીત કરવા માટે રચાયેલી હતી. જે બાળક જીવનના મહત્વપૂર્ણ ભાગને સારી રીતે ખુલ્લુ મૂકીને તેને વિચાર તો કરવા તથા જીવન મૂલ્યો પોતાની રીતે શીખે તે ખૂબ જરૂરી બને છે તેથી જ આ નૈતિક કથાઓની રચનાઓ થઈ હશે એવી જ બાળનીતિ કથાઓ પંચતંત્ર,હિતોપદેશ, જેવા અનેક ગ્રંથો બાળકના ભવિષ્યને એક માર્ગદર્શન આપે છે.

## સાહિત્ય સમીક્ષા

1. **પંચતંત્ર:**

પંચતંત્રની વાર્તાઓ પ્રાચીન ભારતીય સમાજમાં નૈતિકતા અને સહકારની શિક્ષણ-પદ્ધતિ તરીકે ઉપયોગમાં લેવાઈ હતી.જે પાંચ ભાગમાં વિભક્ત છે.જેમાં મિત્રભેદ,મિત્ર સંપ્રાપ્તિ,કાકોલૂકીયમ, લબ્ધપ્રણાસ, અપરિક્ષિતકારકમ પંચતંત્રનાં વિષયો ચતુરાઈ, વિશ્વાસ, મિત્રતા, રાજનીતિ અને સામાજિક સંબંધો સાથે સંકળાયેલા છે.

2. **હિતોપદેશ:**

હિતોપદેશ સંસ્કૃત સાહિત્યમાં એક પ્રસિદ્ધ નૈતિક ગ્રંથ છે, જે ખાસ કરીને શિક્ષણ, નીતિ અને સમાજ વ્યવહાર અંગે માર્ગદર્શન આપે છે. હિતોપદેશ ગ્રંથની રચના પંચતંત્ર પર આધારિત છે જેમાં ચાર પરિછેદ છે. મિત્ર લાભ,સુહૃદભેદ, વિગ્રહ, સંધિભેદ. 43 કથાઓ છે.

મુખ્યત્વે, હિતોપદેશની વાર્તાઓ રાજકીય અને સામાજિક જ્ઞાનનું પ્રસારણ કરવા માટે રચાઈ હતી, જે બાળકો અને યુવાઓ માટે માર્ગદર્શક બની શકે.

## હેતુઓ

આ સંશોધન પત્રના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે:

1. હિતોપદેશ, પંચતંત્ર  જેવી સાહિત્યિક કૃતિઓમાં નૈતિક શિક્ષણ અને સામાજિક જવાબદારીના તત્વો કેવી રીતે છે તે શોધવું.
2. બાળકો માટે આ વાર્તાઓ કેવી રીતે ઉપયોગી બની શકે અને તેના પ્રભાવને સમજવું.
3. આજના કાળમાં આ વાર્તાઓ કેટલાં પ્રાસંગિક છે અને કેવી રીતે બાળકોને આકર્ષી શકે તે વિશ્લેષણ કરવું.
4. સહકાર અને સામાજિક જવાબદારી જેવા તત્વોને બાળસાહિત્ય દ્વારા કેવી રીતે બૌદ્ધિક રીતે મજબૂત કરી શકાય તે જોવા.

## મુખ્ય સંશોધન ભાગ

1. **સામાજિક જવાબદારી**

પંચતંત્ર મિત્રતા, સમાનતા અને ટિમવર્ક જેવા તત્વો પર ભાર મૂકતો ગ્રંથ છે. નીચેની વાર્તાઓ આ સિદ્ધાંતોને સ્પષ્ટ કરે છે:

સામાજિક જવાબદારી – પંચતંત્રની પ્રેરણાદાયી વાર્તા

વાર્તા - “કુંવો અને વેપારી”

એક ગામમાં એક વ્યાપારી અને કિસાન રહેતા હતા. કિસાને પોતાના ખેતર માટે એક વેપારી પાસેથી કુંવો ખરીદ્યો.જ્યારે કિસાન કૂવામાંથી પાણી લેવા ગયો, ત્યારે વેપારીએ તેને અટકાવ્યો અને કહ્યું, “મેં તને માત્ર કુંવો વેચ્યો છે, પાણી નહીં. પાણી તો મારું છે!”કિસાન ખૂબ ચિંતામાં પડી ગયો. અંતે, તે રાજાના દરબારમાં ગયો અને ન્યાય માટે અરજી કરી. રાજાએ આ મામલો એક ચતુરમંત્રી પાસે મોકલ્યો.

મંત્રીએ વેપારીને પૂછ્યું, “જો તું કુંવો કિસાનને વેચી ચૂક્યો છે, તો પાણી કયાં રાખશે?”વ્યાપારી અવાક થઈ ગયો. મંત્રીએ કડક અવાજમાં કહ્યું, “તારે કિસાનને કૂવાનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી પડશે, કેમ કે કુંવો હવે તેનો છે!

આ વાર્તા સામાજિક ન્યાય અને જવાબદારી પર પ્રકાશ પાડે છે. મહાન સમાજ માટે ન્યાય અને સદાચાર જરૂરી છે. હંમેશા પોતાના જવાબદારીઓ નિભાવવી જોઈએ અને અન્ય સાથે નિષ્ઠાપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.

सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ।
मूर्खस्य पापविषयोऽपि सद्गृहस्थः ॥

સારા અને સદાચારવાળા લોકોની સંગતિ માણસ માટે મહાન લાભદાયી સાબિત થાય છે. જો કોઈ વ્યક્તિ મૂર્ખ હોય અથવા પાપના માર્ગે ચાલી રહ્યો હોય, તો પણ સદ્ સંગતિ તેને સારા માર્ગે લાવી શકે છે.

"કાગડો, કાચબો, હરણ અને કાગડો": આ વાર્તામાં ચાર ભિન્ન પ્રાણીઓ સાથે મળીને દુશ્મન સામે જીત મેળવી છે, જે સહયોગ અને ટિમવર્કની મહત્વતાને દર્શાવે છે.

2. **સંગઠન અને સહકાર**

હિતોપદેશની વાર્તાઓ બાળકના સામાજિક અને નૈતિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે. તેમાં આપેલી નૈતિકતાની વાર્તા દ્વારા જાણી શકાય છે.

## લઘુપતક નામના કાગડાની વાર્તા.

નિર્જન જંગલમાં કબૂતરોના સમૂહને જમીન પર ચોખાના દાણા પડેલા દેખાય છે. ત્યારે કબૂતરનો રાજા સંશય વ્યક્ત કરી કહે છે, "આ નિર્જન જંગલમાં ચોખાના દાણા કોણે નાખ્યા હશે? કદાચ આ કોઈ શિકારીની ચાલ હોય શકે. તેથી દાણાના લોભમાં પડી જઈ ન જવું જોઈએ."ત્યાં જ એક કાગડો અભિમાનવશ, દાણા લેવા આગળ વધે છે. તેને જોઈ, બીજા કાગડાઓ પણ દાણા લેવા માટે તેની સાથે જોડાય છે. જો કે, તેઓ જાણતા નથી કે એ દાણા એક શિકારી દ્વારા મુકવામાં આવેલ છે. ફળસ્વરૂપ, બધા કાગડાઓ ઝાળમાં ફસાઈ જાય છે. ત્યારે ચિત્રગ્રીવ કાગડો સમજદારીપૂર્વક કહે છે, "વિપત્તિના સમયે ગભરાવું નહીં, વિસ્મય પામવું નહીં.

अल्पानामपि वस्तूनां संहतिः कार्यसाधिका । तृणैर्गुणत्वमापन्नैः बध्यन्ते मत्तदन्तिनः ॥"

નાનામાં નાની વસ્તુઓ દ્વારા પણ સંગઠનની શક્તિથી મહાન કાર્યો સિદ્ધ કરી શકાય છે. જેમ નાના-નાના દોરાઓ એકસાથે મળી મજબૂત દોરડું બનાવે છે, તે જ રીતે એકતા અને સહકારથી કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિ પર જીત મેળવી શકાય છે. આ જ કારણ છે કે, એ જ દોરડું, જે અલગ-અલગ દોરાઓ તરીકે નિર્દોષ લાગે, મોટા અને શક્તિશાળી હાથીને પણ બાંધી રાખી શકે છે. સહયોગ અને સંગઠનની શક્તિએ અસંભવને પણ સંભવ બનાવી શકાય છે. સહયોગ અને એકતા દ્વારા આપણે આ પરિસ્થિતિમાંથી બહાર આવી શકીએ."તેના આ સચોટ માર્ગદર્શનથી, તમામ કાગડાઓ એકસાથે પોતાનું બળ પ્રયોજે છે અને ઝાળ લઈને જ એક સાથે ઉડી જાય છે, જે સહકાર અને બુદ્ધિનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડે છે.

## ઉપસંહાર

આ સંશોધન પત્ર સાબિત કરે છે કે ભારતીય જ્ઞાન પ્રણાલીમાં પંચતંત્ર, હિતોપદેશ બાળમન પર ઊંડી છાપ મૂકી શકે છે.આજના સમયમાં,આ વાર્તાઓનો અદ્યતન અનુવાદ અને દૃશ્યમાધ્યમોમાં ઉપયોગ જરૂરી છે. આજની શિક્ષણ પદ્ધતિમાં આ ગ્રંથોનો સમાવેશ કરવો જોઈએ.બાળકોમાં સહકાર, નૈતિકતા અને સામાજિક જવાબદારી વિકસાવવા માટે આ બાળ સાહિત્યની વાર્તાઓ અત્યંત મહત્વપૂર્ણ છે.

સંક્ષેપમાં, પાંચ હજાર વર્ષ જૂનું બાળસાહિત્ય આજે પણ એટલું જ પ્રાસંગિક છે. જો ભારતીય જ્ઞાન પ્રણાલી અને સંસ્કૃતિનું સાચું મૂલ્ય બચાવવું હોય, તો આજની પેઢીને પણ આ વાર્તાઓ દ્વારા એ જ સંદેશો આપવો જરૂરી છે. આવી અનેક વાર્તાઓ આ બાળસાહિત્યમાં સમાવિષ્ટ છે જે ભારતીય જ્ઞાન પ્રણાલી માં સહકારિતા, લાગણી, સંવેદના ન્યાય,સ્વકર્મ,પ્રમાણિકતા જેવી સંસ્કારી બાબતો ને દર્શાવે છે.

## સંદર્ભ ગ્રંથો


1. પંચતંત્રની વાર્તાઓ લેખક વિનુભાઈ ઉ પટેલ પ્રકાશક એમ.એમ સાહિત્ય પ્રકાશક આણંદ.

   2.हितोपदेश,भाषान्तरकार पं. रामेश्वर भट्ट सम्पादक श्री नारायण राम आचार्य 'काव्यतीर्थ' प्रकाशक चौखम्बा संस्कृत प्रतिष्ठान दिल्ली.
2. Vishnu Sharma. (2005). Panchatantra: The Ancient Indian Fables. New Delhi: Rupa Publications.
3. Narayana, P. (2001). Hitopadesha: Wisdom for All Ages. Chennai: Bharatiya Vidya Bhavan.